સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં સમાવાયેલ જ્ઞાતીઓ પૈકી ક્રમાંક:૭૨ સામેની જ્ઞાતિ "ઠાકરડા, ઠાકોર, પાટણવાડીયા, ધારાળા, બારૈયા, બારીયા" સાથે **પર્યાય તરીકે "પગી"** જાતિનો સમાવેશ કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ક્રમાંક:સશપ/૧૨૨૦૧૬/૭૭૨૧૭૨/અ
સચિવાલય,ગાંધીનગર.
તા.૩/૮/૨૦૧૮

વંચાણે લીધા: 3 AUG 2018

(૧) મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગનો ઠરાવક્રમાંક: બીસીઆર-૧૦૭૮-૧૩૭૩૪-હ, તા.૦૧/૦૪/૧૯૭૮

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક: સશપ-૧૪૨૦૧૨-૪૫૬૮૦૪-અ, તા.૪/૮/૨૦૧૪

## :પ્રસ્તાવના:

વંચાણે લીધા ક્રમાંક-૧ હેઠળના તા.૧/૪/૧૯૭૮ તથા વંચાણે લીધા ક્રમાંક-૨ હેઠળના તા.૪/૮/૨૦૧૪ ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની જાતિઓની યાદી બહાર પડાયેલ છે જેમાં ક્રમાંક: ૭૨ સામેના **"ઠાકરડા, ઠાકોર, પાટણવાડીયા, ધારાળા, બારૈયા, બારીયા"** જાતિનો સમાવેશ કરવામાં આવેલ છે.

રાજયની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં ક્રમાંક.૭૨ સામે **"ઠાકરડા, ઠાકોર, પાટણવાડિયા, ધારાળા, બારૈયા, બારીયા"** દર્શાવેલ છે. પગી જાતિના વિવિધ સંગઠનો દ્વારા પગી જાતિ પણ મૂળ ઠાકરડા, ઠાકોર, પાટણવાડીયા, ધારાળા, બારૈયા, બારીયા જૂથનો પર્યાય હોઇ આ જાતિનો પર્યાય તરીકે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીના ક્રમાંક ૭૨ માં ઉમેરો કરવા રજૂઆતો કરેલ હતી.

પુખ્ત વિચારણાને અંતે **"પગી"** જાતિનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીના ક્રમાંક ૭૨ સામે **"ઠાકરડા, ઠાકોર, પાટણવાડીયા, ધારાળા, બારૈયા, બારીયા"** ની પર્યાયવાચી જાતિ (synonym)

તરીકે સમાવેશ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

## :ઠરાવ:

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીના ક્રમાંક ૭૨ **"ઠાકરડા, ઠાકોર, પાટણવાડીયા, ધારાળા, બારૈયા, બારીયા"** ના પર્યાય તરીકે **"પગી"** જાતિનો સમાવેશ કરવામાં આવે છે.

ઉપરોક્ત સુધારાથી કોઇ નવી જાતિનો સમાવેશ કરવામાં આવતો નથી, પરંતુ હયાત જાતિસમુહમાં પર્યાયવાચી શબ્દ/જાતિનો ઉમેરો કરવામાં આવે છે. જેથી જે વ્યક્તિઓ/વિદ્યાર્થીઓ/ઉમેદવારોના શાળા કે અન્ય રેકર્ડમાં પગી જાતિનો ઉલ્લેખ હોય તેમને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર મેળવવામાં પડતી હાલાકી (Hardship) દૂર કરવા તેમજ જાતિ પ્રમાણપત્ર આપતી વખતે ગેરસમજણ દૂર કરવાના હેતુથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.*
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક. મંત્રીશ્રી(વિકસતી જાતી)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- અ.મુ.સચિવશ્રી, મહેસૂલ વિભાગ સચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ સર્વે અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેકટર-૧૯, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.*

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.*
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.*
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.*
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રી (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- સર્વે નાયબ નિયામકશ્રી(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (વિ.જા.ક. મારફત)
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી
- કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- National Informatics Centre, બ્લોક નં.૧૩/૨ જો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.*
- નાયબ સેક્શન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ

---

* પત્ર દ્વારા.